# બાળદિને મારી અપેક્ષાઓ આટલી જ છે. . .



- હું પ્રભુએ તમને સાચવવા આપેલી એવી અદભૂત ભેટ છું. મને જે શીખવવા માંગો તે પ્રેમથી શીખવજો.
- મારા હાથ નાના છે, મારી પાસેથી બધું પરફેક્ટ થાય એવી આશા, પ્લીઝ, ન રાખો. મારા પગ પણ નાના છે, તમારી ગતિથી તે સાથે નહિ ચાલી શકે, માટે તમે ધીમા પડશો પ્લીઝ?
- મારી આંખોએ તમારી જેમ જગતને જોયું નથી, માટે પ્લીઝ, તમે કરો છો તેવા કામની મારી પાસે આશા ન રાખતા.



- હું હજૂ એટલી મોટી નથી, માટે પ્લીઝ, થોડો સમય કાઢીને મને સમજાવજો કે આ અદભૂત જગત કેવું છે!
- મારી બધું જાણવાની ઉત્સુકતા માટે ગુસ્સો ન કરતા, મારી સાથે એવો વ્યવહાર કરજો, જેવા વ્યવહારની કોઈ પાસે તમે આશા રાખો છો.
- મને મોટા થવા માટે તમારા પ્રોત્સાહનની જરૂર છે, મારી ભૂલને સુધારજો, મારી ટીકા નહિ કરતા, પ્લીઝ.
- મને નિષ્ફળ થવા દેજો, જેથી હું મારી ભૂલો પરથી શીખી શકું.
- હું હું જ છું. મારી સરખામણી મારા ભાઈ-બહેન કે બીજા કોઈની સાથે ન કરતા પ્લીઝ.



- ગભરાયા વિના મને એકલા રહેવાની તક આપજો. બાળકોને ક્યારેક મા-બાપ સાથે ન હોય એવું ગમે છે, તમને અમારા વિના એકલા પડવું ગમે છેને, તેમ.
- હું કેવું વર્તન કરૂં તો તમને ગમે, તે માટે તમે એવું વર્તન કરીને બતાવજો પ્લીઝ, મને એ રીતે શીખવું ગમશે.